ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

જે સફરની
શરૂઆત કરે છે
એમને મુકામ પણ
મળી જ જાય છે
કારણ કે
સારા માણસોની રાહ
મુકામ પણ જુએ છે

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી

**સ્પર્ધાત્મક પરીક્ષા અને સામાન્ય જ્ઞાનને લગતાં પુસ્તકોનું પ્રદર્શન, રંગોલી, મહેંદી સ્પર્ધા અને સામાન્ય જ્ઞાન આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી, જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ બે દિવસ સ્પર્ધાત્મક પરીક્ષા અને સામાન્ય જ્ઞાનને લગતાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેનો યુવા વાચક વર્ગ તથા વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં લાભ લીધો હતો. એ પછી બે દિવસ રંગોલી, મહેંદી સ્પર્ધા અને સામાન્ય જ્ઞાન આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ એક દિવસ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ દિવસે સંસ્થામાં પધારેલા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ સંસ્થાની પ્રજ્ઞાચક્ષુ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. અંતિમ દિવસે તમામ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને આશ્વાસન ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં. સૌને ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરી ગ્રંથાલયના સભ્ય બની વાચનટેવ કેળવવા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગરની કામધેનુ યુનિવર્સિટી ખાતે

# વન્ય પ્રાણી સંરક્ષણ અંગે સેમિનાર યોજાયો




**ડૉ. ચિરાગ ભાડેશીયા, ક્રોકોડાઈલ સ્પેશિયાલિસ્ટ ગૃપના જીગર ઉપાધ્યાય, વાઈલ્ડલાઈફ રીસર્થર ધવલ વારગીયા, ફીશરીઝ ફેકલ્ટીના ડીન વિવેક શ્રીવાત્સવનાં વક્તવ્યો યોજાયાં**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કામધેનુ યુનિવર્સિટી ખાતે તા. ૭મી ડિસેમ્બરે એક દિવસીય ટેકનિકલ સેમિનાર 'રોલ ઓફ વેટેરીનરિયન્સ ઈન કન્વર્ઝેશન ઓફ વાઈલ્ડ એનિમલ્સ : એથિક્સ, ટેકટિક્સ એન્ડ ટેકનિક્સ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના અગ્ર મુખ્ય વન સંરક્ષક તથા ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન જી.કે. સિન્હા તથા અતિથિવિશેષપદે બનાસકાંઠાના નાયબ વનસંરક્ષક આઈ.કે. બારડ તથા ગાંધીનગરના નાયબ વનસંરક્ષક અતુલ અમીન ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી.એચ. વાટલીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વન્ય પ્રાણી રેસ્ક્યુઅર્સ તથા વન્ય પ્રેમીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે વન્ય પ્રાણીઓના સંરક્ષણ અંગે વાત કરતા જી.કે. સિન્હાએ વન્ય પ્રાણીઓની સારવાર, રાહત, બચાવ કાર્ય, પોસ્ટ મોર્ટમ અને ફોરેન્સિક અંગેની કામગીરીનો પશુચિકિત્સકોના મહત્વ અને યોગદાન પર ભાર મુક્યો હતો. ડૉ. વી.એસ. વાટલીયાએ પશુચિકિત્સા અને પશુપાલનના અભ્યાસમાં વાઈલ્ડ લાઈફનો વિગતવાર અભ્યાસક્રમ સામેલ કરાયો હોવાનું જણાવતા તેમણે વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સરંક્ષણમાં જનીન વિદ્યાના મહત્વ અને બચાવ કાર્યમાં પશુચિકિત્સકોની ઉજળી તકો અંગે માહિતિ આપી હતી. સેમિનારમાં યુનિવર્સિટીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. ચિરાગ ભાડેશીયા, ક્રોકોડાઈલ સ્પેશિયાલિસ્ટ ગૃપના જીગર ઉપાધ્યાય, વાઈલ્ડલાઈફ રીસર્થર ધવલ વારગીયા, ફીશરીઝ ફેકલ્ટીના ડીન વિવેક શ્રીવાત્સવ વગેરેના વક્તવ્યો યોજાયા હતા.

**જન્મદિને વધામણી**



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

તલોદ કૉલેજ દ્વારા

# આત્મહત્યા નિવારણ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

શેઠ એચ પી આટ્‌ર્સ એન્ડ ટી એસ એમ કોમર્સ કૉલેજ, તલોદના આચાર્ય ડૉ. જે સી પટેલના માર્ગદર્શન અને કેસીજીના આદેશાનુસાર ઉદીશાના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે કૉલેજમાં શૈક્ષણિક સ્ટાફની સૂચના મુજબ વિદ્યાર્થીઓમાં કોઈ નિરાશા ન વ્યાપે અને વિદ્યાર્થીઓ આત્મહત્યાનો પ્રયાસ ન કરે તે માટે તેમને સાચી સમજણ આપવા માટે વિવિધ ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીબેટ, ગ્રૂપ ડિસ્કશન, વક્તૃત્ત્વ સ્પર્ધાના માધ્યમથી આત્મહત્યા નિવારણનો સંદેશ વિદ્યાર્થીઓમાં વહેતો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કૉલેજમાં ૧,૩,૫ સૅમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને ઍનઍસઍસ, ઍનસીસીના સ્વયંસેવક ભાઈ-બહેનોએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. દિલીપકુમારચાવડા અને ઍનસીસી ઑફિસર પ્રૉ. મુકેશભાઈ બી પટેલે કર્યું હતું. કાર્યક્રમ સંચાલન ડૉ. દિલીપકુમાર ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

સમરાગા ક્લાસિકલ ફેસ્ટિવલમાં

# સિતાર, વાંસળી સાથે જુગલબંદી

**શનિવારે સિતારવાદક નિલાદ્રી કુમાર સાથે પંડિત યોગેશ સમસીએ તબલા પર જુગલબંદી કરી રવિવારે ઉસ્તાદ તૌફીક કુરેશીના ઝેમ્બે, પતરી સતીષકુમારના મૃદંગમની જુગલબંદી રજૂ થઈ**

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદીઓ માટે હવે ઠંડીની મોસમની સાથે સાથે શાસ્ત્રીય સંગીતની મોસમ પણ શરૂ થઈ ગઈ છે. જેની શરૂઆત સમરાગા ક્લાસિકલ મ્યુઝિક ફેસ્ટિવલ સાથે થઈ હતી.. બીટ ઓફ અ ડ્રમ દ્વારા નવગુજરાત સમયના સહયોગથી ૯ અને ૧૦ ડિસેમ્બર દરમિયાન આ મ્યુઝિક ફેસ્ટિવલ યોજાયો હતો. શહેરના હિરેન છાતે એ આ ફેસ્ટિવલનું એ રીતે આયોજન કર્યુ છે કે, તેમાં શાસ્ત્રીય સંગીતની ચારેય શૈલી, તંતુવાદ્ય, ઘનવાદ્ય, શૂષિર વાદ્ય અને ગાયનને આવરી લીધા છે. પહેલા દિવસે બે જુગલબંદી રજૂ થઈ હતી. જેમાં ઈલેક્ટ્રિક સિતારમાં શાસ્ત્રીય રાગોની સાથે સાથે ફિલ્મી ધુનોને પણ આગવી રીતે રજૂ કરતાં અને કેબીસી કે તાજ જેવી અનેક વાઈરલ વીડિયોથી લોકપ્રિય થયેલાં સિતારવાદક નિલાદ્રી કુમાર સાથે પંડિત યોગેશ સમસીએ તબલા પર જુગલબંદી કરી. યોગેશ સમસી ઉસ્તાદ અલ્લારાખાં ખાનના વરિષ્ઠ શિષ્ય છે, તેમજ પોતાના અનુભવ અને તાલીમ દ્વારા તેમણે અનેક યુવાનોને તેમણે તબલાવાદનની તાલીમ આપી છે.

ત્યારબાદ યુવા વાંસળીવાદક અને પંડિત હરિપ્રસાદ ચોરસિયા પાસેથી વાંસળીવાદનની તાલીમ પામેલાં રાકેશ ચોરસિયાનું વાંસળી વાદન રજૂ થયું. તેમની સાથે આ ફેસ્ટિવલના આયોજક, પંડિત યોગેશ સમસીના શિષ્ય હિરેન છાતે તબલાં પર જુગલબંદી કરી. આ બંને દિવસનો ફેસ્ટિવલ શ્રેયસ ફાઉન્ડેશન, માણકેબાગ ખાતે સાંજે ૭-૩૦ વાગ્યાથી શરૂ થયો હતો. જેના બીજા દિવસે કૌશિકી ચક્રવર્તીનું શાસ્ત્રીય ગાયન રજૂ થયું હતું. તેમજ ઉસ્તાદ તૌફીક કુરેશીના ઝેમ્બે, પતરી સતીષકુમારના મૃદંગમની જુગલબંદી રજૂ થઈ હતી. તેમની સાથે ઓજસ અઢિયા, તન્મય દેવચાકે સહિતના કલાકારોએ સંગત કરી હતી.

# આજે પુષ્ટિ માર્ગની હવેલીઓમાં જલેબી ઉત્સવ

ગાંધીનગર, તા. ૧૦

તા.૧૧મી ડિસેમ્બરે પુષ્ટિ માર્ગની હવેલીઓમાં 'જલેબી ઉત્સવ'ની ઉજવણી કરાશે. વૈષ્ણવો આ દિવસે થતાં વધાઈ ગાન, નંદ મહોત્સવ, રાજભોગનાં દર્શન માટે મોટી સંખ્યામાં દર્શનાર્થે આવશે. શ્રીગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવના દિવસે વ્રજધામ હવેલી, સીમાહોલ પાસે, સેટેલાઈટ ખાતે સવારે પલના, નંદ મહોત્સવ, રાજભોગમાં જલેબી ઉત્સવ, સાંજે શોભાયાત્રા, પ્રવચન શ્રીગુંસાઈજીને ધોતી-ઉપરણા, કેશર સ્નાન અને વલ્લભાખ્યાનનું સમૂહ ગાન થશે.

વૈષ્ણવાચાર્ય યદુનાથજી મહોદયજીએ જણાવ્યું કે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી કે જે આખા પુષ્ટિમાર્ગમાં શ્રીગુંસાઈ પ્રભુ ચરણના નામે બધાઈ વૈષ્ણવોના હૃદયમાં વસેલા છે. શ્રી મહાપ્રભુજી એ પુષ્ટિમાર્ગનું એક સુરેખ ચિત્ર બનાવ્યું, પણ એમાં રંગ ભર્યા હોય તો ગુંસાઈજીએ. આઠ સમાના દર્શનનો ક્રમ કહીએ કે અષ્ટછાપ કીર્તનકારોની પરંપરા એ પણ શ્રીગુંસાઈજીની દેન છે. એકવાર સ્વયં શ્રીનાથજીએ રામદાસ મુખિયાજીને કહ્યું 'કાલે પોષ વદ નોમ છે, એટલે કે શ્રીગુંસાઈજીનો પ્રાગટ્ય ઉત્સવ છે અને મારી એવી ઈચ્છા છે કે જેમ ગુંસાઈજી પ્રતિ વર્ષ મારો પ્રાગટ્ય ઉત્સવ ધામધૂમથી મનાવે છે, એ જ રીતે મારે શ્રી ગુંસાઈજીનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી મનાવવો છે' ત્યારે રામદાસજીએ પૂછ્યું તો 'એ દિવસે આપ કઈ સામગ્રી આરોગશો' ત્યારે શ્રીનાથજીએ કહ્યું, 'હું આ દિવસે જલેબી આરોગીશ ત્યારથી શ્રી ગુંસાઈજીનો પ્રાગટ્યોત્સવ 'જલેબી ઉત્સવ' તરીકે ઓળખાય છે.'

વિશ્વ માનસિક દિવ્યાંગ દિવસ નિમિત્તે

# ગાંધીનગરના કલાકાર યુવાનો દ્વારા શૉર્ટ ફિલ્મ રિલીઝ કરવામાં આવી




ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ માનસિક દિવ્યાંગ દિવસની ઉજવણી ગાંધીનગરના કલાકાર યુવાનો દ્વારા અનોખી રીતે કરવામાં આવી હતી. પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્‌સના બેનર તળે આ યુવાનોએ 'આઈઍમપરફેક્ટ' નામની શૉર્ટ ફિલ્મ રિલીઝ કરવામાં આવી હતી.

ફિલ્મ માટે કૅમેરાવર્ક મેઘ મહેતા અને ફાલ્ગુન નંદાએ કર્યું છે, પ્રૉડક્શન આસીસ્ટન્ટ તરીકે સુદીપ પરમાર, અલ્તાફ મનસુરી, સંજયસિંહ રાઠોડ અને કરિશ્મા પાટડીયા, કાસ્ટીંગ ડિરેક્ટર નીરવ પરમાર, કથા દિવ્યકાન્ત વર્મા દ્વારા અને સંવાદ લેખનની સેવા કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવી છે. ફિલ્મ માટે દિપાલી-હાર્દિક-હિયા પાટડીયા, કમલેશ વૈદ્ય દ્વારા વિશેષ સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે.

માનસિક દિવ્યાંગ દિવસે રિલીઝ કરવામાં આવેલી આ ફિલ્મનું મહત્ત્વ એટલા માટે વિશેષ છે કે આ શૉર્ટ ફિલ્મમાં પૂર્ણાનંદ વર્મા કે જે પોતે પણ માનસિક દિવ્યાંગ યુવાન છે, એમના દ્વારા અભિનય આપવામાં આવ્યો છે. દિગ્દર્શક દિવ્યકાન્ત વર્માએ એમની પાસેથી કાબિલેતારીફ કામ લીધું છે. માનસિક દિવ્યાંગ વ્યક્તિઓને યોગ્ય તાલીમ અને દરકાર આપવામાં આવે તો તેઓ પણ સામાન્ય વ્યકિતઓની હરોળમાં બેસી શકે છે, તેમની વચ્ચે ભળી શકે છે અને આવી તક એમને આપવી જોઈએ એવો સંદેશ આ ફિલ્મના માધ્યમથી ગાંધીનગરના કલાકાર યુવાનોએ આપ્યો છે.

યુટ્યુબ ઉપર આ ફિલ્મ મૂકવામાં આવી છે, જેને પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટની ચૅનલ **'PIE Videos'** પર જોઈ શકાય છે.





વિશ્વ માનસિક દિવ્યાંગ દિવસની ઉજવણી નિમિત્તે હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટે આનંદ-પ્રમોદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ મીરા ગઢવીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સૅક્ટર-૭ના ઉદ્યાનમાં બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી અને ગરબા તથા ડાન્સ દ્વારા આનંદ પ્રાપ્ત કરવાની તક પણ આપવામાં આવી હતી. જય મુકેશભાઈ ત્રિવેદી દ્વારા પ્રાર્થના અને ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે બાળકોને કેક અને ભોજન સહિત સુંદર ગિફ્ટ પણ અર્પણ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ ઉજવણીનું સૌજન્ય પત્રકાર તુષાર બારોટ તરફથી પ્રાપ્ત થયું હતું. આ ઉજવણીને સફળ બનાવવા માટે સંસ્થાના મંત્રી પરબતસિંહ ગઢવી, નિશાબા વાઘેલા અને શિક્ષક હર્ષિદાબેન દવે દ્વારા સક્રિય સહકાર આપવામાં આવ્યો હતો.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# શામળાજી વિસ્તારમાં વિદ્યાર્થીઓને સુવર્ણપ્રાશન







ગુરુપુષ્ય નક્ષત્ર નિમિત્તે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ૧૨ સ્કૂલ્સના વિદ્યાર્થીઓને સુવર્ણપ્રાશનનો લાભ આપવામાં આવ્યો હતો.

૧૧૦૦થી વધુ બાળકોને સંસ્થા દ્વારા સુવર્ણપ્રાશન કરાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૧૪ મહિનાથી સંસ્થા દ્વારા કરવામાં આવતી આ નિયમિત પ્રવૃત્તિ છે.

આ ઉપરાંત બે સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવ્યો હતો અને બે સ્કૂલના વિદ્યાર્થીઓને વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, મહર્ષિ, યોગેશ, ભીમજીભાઈ, અને જનાર્દનભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્થાને વસુધૈવ કુટુંબકમ, અમદાવાદ દ્વારા સુવર્ણપ્રાશનનું સૌજન્ય પ્રાપ્ત થાય છે.